Gujarat Civil Judge (Mains) 2019 (May)

Paper - III (Gujarati Language) · compulsory paper

Held 07.07.2019 · Time: 1½ Hours · Total Marks: 50

1. નીચે આપેલા શબ્દોનો સમાનાર્થી શબ્દ જણાવી મૂળ શબ્દનો વાક્યમાં પ્રયોગ કરો : [8 marks]

(1) ભાયાતી

(2) માતેલું

(3) વારિઆરી

(4) ગોઠિયણ

2. નીચે આપેલા શબ્દોનો વિરુદ્ધાર્થી શબ્દ જણાવી તે વિરોધી શબ્દનો વાક્યમાં પ્રયોગ કરો : [8 marks]

(1) સોંઘવારી

(2) છડેચોક

(3) સાજું

(4) પાછોતર

3. નીચે આપેલા શબ્દોની જોડણી સુધારી વાક્યમાં પ્રયોગ કરો : [marks not printed]

(1) અછત

(2) વિખુટું

(3) પરિશિષ્ઠ

(4) હુંફાળું

(5) નૈરૂત્યા

(6) પ્રતિષ્ઠીત

(7) પગથીયું

(8) મૂત્સદી

4. નીચે આપેલા રૂઢિપ્રયોગોનો અર્થ જણાવી તે રૂઢિપ્રયોગનો વાક્યમાં પ્રયોગ કરો : [10 marks]

(1) ઉલાળ ઘરાળ ન હોવું

(2) વંઠી જવું

(3) પેંગડામાં પગ ઘાલવો

(4) હથેળીમાં ચાંદ બતાવવો

(5) અછોવાના કરવા

5. નીચેના ફકરાનું ગુજરાતીમાં ભાષાંતર કરો : [10 marks]

When I got the invitation to speak here, I decided to speak on an important topic on which I have pondered for years – the role of Western values in contemporary Indian society. Coming from a company that is built on strong values, the topic is close to my heart. Moreover, an organization is representative of society, and some of the lessons that I have learnt are applicable in the national context. In fact, values drive progress and define quality of life in society.

A community, then, is both one and many. It is a unified multitude and not a mere group of people. As it is said in the Vedas: Man can live individually, but can survive only collectively. Hence, the challenge

is to form a progressive community by balancing the interests of the individual and that of the society. To meet this, we need to develop a value system where people accept modest sacrifices for the common good.

What is a value system? It is the protocol for behaviour that enhances the trust, confidence and commitment of members of the community. It goes beyond the domain of legality – it is about decent and desirable behaviour. Further, it includes putting the community interests ahead of your own. Thus, our collective survival and progress is predicated on sound values.

There are two pillars of the cultural value system – loyalty to family and loyalty to community. One should not be in isolation to the other, because, successful societies are those which combine both harmoniously. It is in this context that I will discuss the role of Western values in contemporary Indian society.

Some of you here might say that most of what I am going to discuss are actually Indian values in old ages, and not Western values. I live in the present, not in the bygone era. Therefore, I have seen these values practiced primarily in the West and not in India. Hence, the title of the topic. I am happy as long as we practice these values - whether we call it Western or old Indian values. As an Indian, I am proud to be part of a culture, which has deep-rooted family values. We have tremendous loyalty to the family. For instance, parents make enormous sacrifices for their children. They support them until they can stand on their own feet. On the other side, children consider it their duty to take care of aged parents.

We believe: Mathru devo bhava – mother is God, and pithru devo bhava – father is God. Further, brothers and sisters sacrifice for each other. In fact, the eldest brother or sister is respected by all the other siblings. As for marriage, it is held to be a sacred union – husband and wife are bonded, most often, for life. In joint families, the entire family works towards the welfare of the family. There is so much love and affection in our family life.

6. નીચેના ફકરાનો અંગ્રેજીમાં અનુવાદ કરો : [10 marks]

સ્વરાજ્ય આવ્યું, પણ તેનાથી ગાંધીજીને સંતોષ નહોતો, ગાંધીજીને હતું કે સ્વરાજ્ય તો મળી ગયું, પણ એમાં કાંઈ એમની આશાઓ જોઈએ તેવી ફળી નહોતી. ન ખાદી-ગ્રામોદ્યોગ વિશેની આશાઓ ફળી, ન શાંતિ સ્થાપવા વિશેની ફળી, કે ન તો અહિંસાના વિચાર અંગેની ફળી. એટલે કે એમના જીવનમાં જે બે મોટાં પાસાં હતાં, તે બંનેને અંગે એમના દિલમાં અસંતોષ રહ્યો. આનું વર્ણન પ્યારેલાલજીના પેલા અદ્ભૂત ગ્રંથ ધ લાસ્ટ ફેઝમાં જોવા મળે છે. એટલે છેવટે એમનું તીવ્ર ચિંતન ચાલ્યા કરતું હતું. પોતાનાં બધાં કામોનું કંઈક નવસંસ્કરણ કરવાનું તેઓ વિચારતા હતા.

પરંતુ આ વાતને અમલમાં મૂકવાનો એમને મોકો ન મળ્યો, છેવટે એમણે એક સંમેલન સેવાગ્રામમાં બોલાવ્યું હતું. એમનો વિચાર હતો કે મારા બધા સાથીઓને ત્યાં એકત્ર કરીને કંઈક સમજાવીશ, પણ એમ થઈ શક્યું નહીં. સંમેલન મળ્યું ખરું, પણ બાપુના મૃત્યુ પછી. એમના ગયા પછી જ બધા સાથીઓ સેવાગ્રામમાં ભેગા થઈ શક્યા. ત્યારે માર્ગદર્શન આપવા માટે બાપુને આપણે આપણી વચ્ચે રહેવા દીધા

બાપુના ગયા પછી હું વિચારવા માંડ્યો કે હવે મારું કર્તવ્ય શું છે? ત્યારે મારા ધ્યાનમાં આવ્યું હતું કે મારે મારું સ્થાન છોડવું પડશે. સેવાગ્રામ સંમેલનમાં પંડિત નહેરુની સ્થિતિ જોઈને અને એમની માગણી થતાં મેં જાહેર કર્યું કે હું નિરાશ્રિતોની સેવા માટે પ્રયોગ તરીકે છ મહિના આપીશ. તે વખતે કેટલાક રચનાત્મક કાર્યકરોએ પંડિત નહેરુ વગેરે રાજદ્વારી નેતાઓ સમક્ષ રચનાત્મક કામ માટે સરકારી મદદની અપેક્ષા વ્યક્ત કરી હતી, પણ મેં ખાસ કરીને પંડિત નહેરુને સંબોધીને કહ્યું કે હું તમારી પાસેથી કોઈ જાતની મદદની અપેક્ષા નથી રાખતો, પણ તમારા કામમાં કાંઈ મદદ દઈ શકું તેમ હોઉં, તો તે માટે રાજી છું.